श्रीदयाकुशलकृत

# लाभोदय रास ॥

**सं. विजयशीलचन्द्रसूरि**

तपगच्छनायक श्रीविजयसेनसूरि महाराजना शाह अकबर साथेना मेळापने अने ते प्रसंगे थयेल जीवदयानां कार्योने केन्द्रमां राखीने रचवामां आवेलो आ रास पण त्रुटक छे, अने अद्यावधि अप्रगट छे. लगभग अज्ञात छे. 'सूरीश्वर अने सम्राट्'मां मुनि विद्याविजयजीए आना विषे नोंध्युं होवानी स्मृति छे. आनी जेरोक्स पण शिवपुरी (म.प्र.)ना ग्रन्थसंग्रहमांथी ज प्राप्त थई होवानुं झांखुं स्मरण छे. आनी अन्य हस्तप्रति कशेय होवानुं जाणमां नथी.

कुल ९ पानांनी प्रतिमां ५-६-७ ए त्रण पत्रो छे ज नहि. तेथी रचना त्रुटक रूपमां ज उपलब्ध छे. कर्ता मेघविजय शिष्य पं. कल्याणकुशलजीना शिष्य पं.दयाकुशल मुनि छे, तेवुं छेल्ली कडीओ जोतां स्पष्ट थाय छे. दयाकुशलजीए रचेल 'पदमहोत्सव रास' (सं. १६८५) विषे तथा 'हीरसूरिस्वाध्याय' (प्रकाशित) विषे नोंध मळे छे. तेओनो सत्तासमय १७ मा शतकनो पश्चार्ध होय तेम पण ते नोंध परथी जणाय छे. आ रासमां रचनासमयनो निर्देश कर्यो नथी. छतां तेनी रचना विजयसेनसूरिमहाराजनी विद्यमानतामां ज थई होय; अथवा तो आ समग्र घटनाक्रमना कर्ता स्वयं साक्षी पण रह्या होय अने तेमणे आंखे देख्यो हेवाल आ रासरूपे लख्यो होय, तेवी शक्यता वधु लागे छे.

रासनो आरंभ विजयसेनसूरिना देह-गुण-वर्णन करतां दूहाथी थाय छे. 'विजयवल्ली रास'मां वर्णव्या प्रमाणे अहीं पण वर्णन छे के, गुरु राधनपुरमां हता अने अकबरनुं तेडुं आव्युं छे. कडी क्र. १२ थी २१ अकबरशाहना प्रतापनुं वर्णन छे. अने कडी २३ थी २९मां लेभागु जोगी-फकीरो प्रत्येनी शाहनी अरुचि वर्णववापूर्वक ३० थी ३९ मां 'हीरगुरु'ने याद करीने तेमना साचा संन्यासना शाहे करेला वखाणनुं बयान छे. छेवटे शाह शेख (अबुल फजल)ने 'हीरगुरु'ने मळवानी पोतानी इच्छा जणावे छे, त्यारे शेख हीरगुरुना तेमना जेवा ज श्रेष्ठ साधु-शिष्य 'विजयसेन'नुं वर्णन करी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेमने बोलाववानी भलामण करे छे (४१-४२). शाह तत्काल बे मेवडा (खेपिया)ने राधनपुर संदेशो लखीने मोकले छे.

अहीं प्रतनां ३ पानां अनुपलब्ध होवाने कारणे सळंगसूत्र वर्णनमां मोटुं भंगाण पडे छे, अने घणीबधी महत्त्वपूर्ण वातो, संवादो, घटनाओथी आपणने वंचित रहेवुं पडे छे. (त्रुटित कडी ४४ थी ९२).

हवे ९३मी कडीमां सीधुं लाहोरमां पधारेला गुरुना सामैयानुं वर्णन जोवा मळे छे. शाहने खबर पहोंचतां ज ते जाते 'काश्मीरी मोहल्ला' सुधी सामो लेवा आवे छे (९९) ते वात खूब नोंधपात्र लागे छे. पछीथी (सभामां पहोंचीने) शाह अने गुरु वच्चे थयेल संवाद नोंधवामां आव्यो छे. ते संवादने छेडे कविए गुरुना प्रभाव उपर वारी जईने गुरुप्रशस्तिरूप जे बे पंक्तिओ लखी छे, ते तो अत्यन्त मीठी अने प्रेरणाप्रद छे :

"ए गुरु दरिसणि थइं दूरी मिटिउ दुखदाह
कीउ जेणे श्रावक मलेच्छ मुगल पतिसाह"

आ पछी गुरुनुं उपाश्रये आगमन, संघनी खुशाली वगेरे वर्णव्या पछी, जैनद्वेषी जनोना कावादावा, विवादो अने तेना गुरुए करेला सुयोग्य समाधान-शमननी वात संक्षेपमां ज वर्णवाई छे. १०९-१७ कडी १२०-२१ मां शेखे महोत्सव मंडावीने केटलाक खास मुनिवरोने उपाध्याय पद अपाव्यानो उल्लेख छे.

आ पछी 'विजयहीर-विजयसेन'नी प्रेरणाथी बादशाहे जीवदयानां तथा धर्मरक्षानां जे कार्यो करेलां तेनी नोंध आपवामां आवी छे. अने ए साथे ज रासनी पूर्णाहुति थाय छे. कर्तानुं प्रयोजन उपरोक्त वातोनुं वर्णन ज मात्र करवानुं छे, ते आ उपरथी सिद्ध थई जाय छे.

विजयसेनगुरुना शिष्य मेघ मुनि छे, तेमना शिष्य पं. कल्याणकुशल छे (१३७), तेमना पिता 'शाह लटकण' तथा माता 'लीलादे' (१३८) होवानुं पण सूचवायुं छे; अने तेमना शिष्य दयाकुशले आ वृत्तान्त कह्यो होवानुं सूचवी रास पूर्ण थाय छे.

आ रास अहीं प्रथम वार प्रगट थाय छे तेनो जेटलो हर्ष छे, तेटलो

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ज, अधूरो मळवानो खेद छे. कोईने पण आनी अन्य प्रति क्यांयशी जडी आवे तो जाण करवा तथा उपलब्ध करावबा नम्र विनति छे.

## श्रीलाभोदयरास ॥

पं. श्रीकल्याणकुशलगुरुभ्यो नमः ॥

सरसति मति अतिनिरमली, आपु करी पसाय ।
**जेसंगजी** गुण गावतां, अविहड वर दे तु माय ॥१॥

**नडोलाई** नगरी भली, धन्य धन्य श्री**ओसवंस** ।
**साह कर्मा**कुलि चंदलु, सुर नर करइं प्रसंस ॥२॥

धन **कोडमदे** जनमिउ, **तपगछ**नऊ सुलतान ।
अधिक अधिक तेजिइं सदा, वाधइ जुगहप्रधान ॥३॥

जस मुख सारद चंदलु, जीह अमीनु घोल ।
दंतपंति हीरा जिसी, अधर सो कुंकुमारोल ॥४॥

अति अणीआली आंखडी, वांकी भमह कमान ।
सरल सकोमल नासिका, मोहे भविक सुजान ॥५॥

गजगति चालिइं चालतु, सकल कलागुण पूर ।
गौतमसम गुरु जगि जायो, जास अनोपम नूर ॥६॥

श्री गुरु **हीर** सदा जयो, तास तणु ए सीस ।
रास रचुं रलीआमणु, प्रणमी जिन चउवीस ॥७॥

### चुपई ॥

विनय विवेक विचार सुजाति, कहीइ देस चतुर **गूजराति** ।
तिहां **राधनपुर** नयर प्रसिध, लोक वसइं पुन्यवंत समरिध ॥८॥

तिहां गुरु गुणवंत करइं चुमास, पुरइं भविजन केरी आस ।
श्रीगुरु **हीर जेसंगजी** वली, एक दुधमाहे साकर भली ॥९॥

तिउं सोहइं गुरु-गुरुनी जोडि, मंगल महानंद पूरइ कोडि ।
उच्छव आनंद तिम उद्योत, श्रीगुरुतेजे सुखी सहु लोक ॥१०॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दूहा ॥

अवसरि एणइ अतिबली, **अकबर** साही सुलतान ।
श्रीगुरु रंगि बोलाविया, ते सुणो भविक सुजाण ॥११॥

ढाल ॥

अतिहठी अकबरसाह कह्यवइ, दुजु दुनीमइं उपम को नावइं ।
कोओ नाहीं अकबर बलि पूजइ, नाम सुणता वयरी तन धूजइ ।
दुरि कीया वयरी मद मोड, विषम लीओ तेणइं कोट चित्रोड ।
कुंभलमेर अजमेर समाणु, जोधपुर जेसलमेर ए जाणु ॥१२॥
जुंनु गढ लीउ सूरत कोट, भूरुअछकोट लीउ एकदोट ।
मांडुंगढ लीउ बल मांडी, हाडा गया रणथंभर छांडी ॥१३॥
लीयो सीयालकोट रोहीतास, अनेक विषमगढ पार न जास ।
सो लीया अकबरि एक नीसाण, हवे सुणो देसना नाम सुजाण ॥१४॥

ढाल ॥

गउड बंगाल तिलंग वंग अंग घोडा घाट
दुलखु ओडीसु खंधारदेस जाकी विसमी वाट ।
कांमरु कमनाबल देस परबत सवालाख
मगध कासी कासमीर देस तिहां झाझी द्राख ॥१५॥
सिंध कच्छ जे नगरथट्ठउ काबिल खुरासाण
दिल्लीमंडल मेवात देस मघलइ साही आण ।
मरहठ मेवाड मारुआडि मालव गूजराति
सोरठ कुंकण दखिण देस सहू अकबर हाथि ॥१६॥
निजबलि अकबरि देस लीआ ताकु लहुं पार
कउतिग कारणि देस नाम कहीआं दोए-च्यार ।
रथ सुखासण पालखी परतखि चक्रवरति
पुन्य विवेकी मु(सु) सारबुधि अडीग्ग आछी मति ॥१७॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ताजा तूरीय तोखार सार जाकु न लहुं पार
मोटा मयगल मलपता ए दीसइ केइ हजारि ।
सेवइ जासु सुलतान खांन उंवरा राय राण
रोमी फीरंगी हींदू हठी मूलां काजी पठाण ॥१८॥

अइसु दूनिमइ कोउ नाही लोपइ अकबर लीह
विधिना एही ज आप घड्यो अडीग्ग अबीह
जाकइ तेजि सहू लोक सुखी परजा प्रतिपालइ
चाड चबोड अन्याई चोर धूतारा टालइ ॥१९॥

आनंद अधिक सुगाल सदा मोटु वडभागी
**लाहोर**नगर मइं लील करइ अकबर सोभागी ॥२०॥

दुहा ॥

परवतसिर जिउं मेरगिरि, ग्रहगण माहे चंद ।
सेषनाग सहू नाग सिरि, जिउं सुरवरमइं इंद ॥२१॥

सकल छत्रपति तिलकसम, एकदिन सभा मझारि ।
बोलइ अधिक उच्छाहसुं, वचन अमरीत [र]सधार ॥२२॥

ढाल ॥

साही कहइ सुणो वात इयारां, दोउ दूनीमइं वात आसकारां ।
एक भले दूनीआंदार भोगी, दूजे फकीर निरंजन योगी ॥२३॥

जोगी सोई जे जोग अभ्यासइ, फूटी कउडी न राखइ पासइ ।
चित्त लगाई निरंजन धावइ, भलु बूरु सुणी खेद न पावइ ॥२४॥

जाकइ जोरुंसुं नाहीं टूक संग, एक निरंजन सेती रंग ।
खोजी थाई बहु खोज करायो, सांचु जोगी कोए नजरि न आयो ॥२५॥

बहु उवोलइ इउं अकबरभूप, जोई जोउं सोउ रसरूप ।
सेष दरवेस सोफी इउ चालइ, हीक्क कहइं उर कूतुक उच्छालइं ॥२६॥

भंगि पाई होवइं अति लाल, संखला पहरी दीसइं विकराल ।
नामि जोगी फूनी इयाही ज भेष, नामि सन्यासी सन्यास न रेख ॥२७॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

खाजइं पीजइ कीजइं तीय भोग, बोधा बोलइं जगि इयाही ज जोग।
पंच वखत नमाज गूजारइं, छरीय लेई बहु जीव संहारइं ॥२८॥

काजी मूलां कहीइं सुणो साह, खुदाइं इयाही फुरमाया राह ।
साही कहइ ए सब हइं जूठे, खुदाय थकी चालइ अ पूठे ।
इउं करतां किउं पाईइ दीन, जाकु मन दूनीआसुं लीन ॥२९॥

दुहा ॥

ए सव रजब जूठे कीए, वडवखती कहइ मीर ।
दुनीआं दीपक एक मइ, श्रवणि सुणे गुरु **हीर** ॥३०॥

सो हम वेगि बोलाईउ, देखि तास दीना(दा)र ।
कहणी–करणी सांचउ, जोगीसर संसार ॥३१॥

ढाल ॥

ताकी करणी बहुत कठीन, किन पइं कही जाय
जीव न मारइं ।
जूठ नहीं, तीय सहु जिसी माय, कउडी न राखइं पास
एक करइ खुदाकी ।
लेत नाही काछू गयर दिउ, परवाह न कीसकी
खाना खावइ एक बेर, पीवइ ताता नीर
बाजी तमासु खेल नाहीं ध्यावइ एक पीर ।
हरी तरकारी नहीं थालइं नाहीं लेत तंबोल
नांगे पाउं उ फीरइं, सदो बहु(सदोस हु?) बोलइ न बोल ॥३२॥

बाल उचावइं धरम जाणि अ– सेह इं उही (?)
देस विलाति सहु गाम फीरइं प्रतिबंध न मोही ।
सत्तु–मित्त समचित गिणइं, कीसहिं न दीइं दोस
महिनइ दस रोजा करइ, न करइ टूक रोस ॥३३॥

भुइं सोवइ धूपकांलि धूप सीतकालिइं सीत
समतिणमणि नाहीं क्रोध लोभ कामवयरी जीत ।
पाढ पढइ गुरु ध्यान धरइं होवइं गुणरागी ॥३४॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

टाणुटुंणु उ करत नाहीं, मंत तंत जडी दारु
सबाब होवइ सोइ कथन कथइं नाहीं कि न सारु ॥३५॥

दूहा ॥

वली निजमुखि साही कहइ, अइसे वचन अनेक ।
इया यूदाइं तइं निसप्रही, कींआ सो **हीर** जु एक ॥३६॥

एक ज **हीर** दीदार थई, हुया हम बहुत सबाब ।
मरती मछी मनय कीई, बकस्या डांवर तलाव ॥३७॥

भादुं नव रोज जनमदीन, जीव मरता मभ(न)य कीध ।
पंखी छूटे उस वचन थइं, बंध पलासी दीध ॥३८॥

हीर चीरमणिमुद्रिका, देस मूलक पुर गाम ।
लालची देखाई घणी, गुरुजी कइ नाही काम ॥३९॥

साही कहइ गुरु **हीरजी**, दरसण देखण की चाय ।
जइ सेषजी तुम्ह कहु कुली, जइ बहु डबोलाइ ॥४०॥

ढाल ॥

सेषजी इउ बोलइ साही सुणो अरदास
तुम्ह जानत नीं कइं पंथ उंदाका उदास ।
करणी सी पालइं उर भए उ वृध
कइसइ करि आवइं सेषइं उत्तर दीध ॥४१॥

जइ चाहु बोलाए तु, एक अरज हमारी
आलमपनां सलामत को मेटइ दोही तुहारी ।
गुरु अपनी बराबरि कीआ एक सिष्य सुजाण
साही ताकुं बोलायो वेगि लिखि ऽह(फ)रमान ॥४२॥

ए वात सुणी तब साही खूसी बहु मानी
**श्रीविजयसेनसूरि** सांचे हइं गुरुग्यानी ।
मेवडे दोउ पठए साही लिखि फूरमान
**राधनपुर** आए जिहां गुरु गुणह निधान ॥४३॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तुम्ह गुन रंज्यो इह दिल्लिपति पतिसाह
जाकइ राति . . . . . . . . . . . .

(पत्र ५ थी ७ नथी. प्रति खण्डित)

★

इणि परिइं बहुत मंडाण, साम्हु संघ सुजाण
अबीर लाल गुलाल तोरण वनरमाल ॥९३॥

पूजा नवे अंगे कीजइं, दान जाचकजन दीजइं
देखइं चतुर मिली थोक, कउतिकि मोह्या ए लोक ॥९४॥

इणि परिइं बहुत दिवाजइ, आया **दिल्ली दरवाजइ** ।
श्रीगुरु वंदना निहालइं, पू(दू)रीत हु(दु)रि पखालइ ॥९५॥

श्रीगुरु रंगि सधारइं, **लाहोर**माहे पधारइं
नगरी सारी सिणगारी, भलइ आयो **हीर** पटोधारी ॥९६॥

दुहा ॥

ईरजासुमतिइं चालतु, बोलइ जुगहप्रधान ।
पहिलइं तिहां हम जाएसु, जिहां अकबर सुलतान ॥९७॥

ढाल ॥

श्रीगुरु दरबारिइं आवइं मनि नइ रंगि
समतारस-रागी ऊल्हट अतिघण अंगि ।
वेगि खवरि करावी अकवर साहीकु
एह आए हइं गुरुजी खूसी बोलायौ तेह ॥९८॥

साही अधिक विवेकी आचारजि पधरावइ
**कासमीरी महुलिइं** साम्हु दिलीपति आवइ ।
धर्मलाभ सुगुरु दिइं आणी मनि उछाह
तपगछपति सेती बोलइ इउं पतिसाह ॥९९॥

"चंगे हउ गुरुजी चंग हइं गुरु **हीर**
आलस सारी मइं कोउ नाहीं तुम्हसा पीर ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तुम्ह वडे वयरागी तुम्ह पइ नाहीं दूक-रोस
तुम्ह भाषत नाहीं मंत तंत जडी जोस ॥१००॥

वडे फकीर निरंजन साध तुं हउ नित जोग
चित लायो खूदासुं नाहीं दूनीआं काम-भोग ।
हम जानत नीं कइंसा तुम्ह आचार
साही सभा सुणत हइं प्रसंसा वारवार ॥१॥

हम बहुत खूसी हइ देखीत तुम्ह दीदार
सुखिइं आए पइंडइ सुखी सहु तुम पीर वार ।
तिहां श्रीआचारजि धर्मदेसन दीध
भविकजन केरा मनवंछित सहु सिध ॥२॥

अकबर केरा मनवंछित सहु सिध
ते कहुं हुं कीनी परिइ कहता नावइ पार ।
ए गुरु दरिसणि थइं दूरी मिटिउ दुखदाह
कीउ जेणे श्रावक मलेच्छ मुगल पतिसाह ॥३॥

दुहा ॥

खूसी हुउ दिलीधणी, खूसी हुआ गुरुराज ।
उद्योत हुओ जगि जइनकु, सिधां मनवंछित काज ॥४॥

चालि ॥

मनवंछित काज समारी, हरखिउ हीय **हीर**पटोधारी ।
सीख साही पासि तिहां मागइ, बहु नुबति नींकी बाजइ ॥५॥

उपासरइ श्रीगुरु आवइ, आनंद सहु संघ पावइ ।
दीजइ हीर-चीर पटकूल, गंठउडा चूरी बहुमूल ॥६॥

रूपानाणइ **दुजणसाह**, प्रभावना मांडिउ प्रवाह ।
ध्यन दिवस गिणुं ते लेखइ, एहवा आनंद ते देखइ ॥७॥

दुहा ॥

पणइ अवरि वली जे हुउ, ते सुणो चतुर सुजाण ।
तारातेज तिहां लगइ, जिहां नवि उग्गइ भाण ॥८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

माखी त्यजइ जीउ अप्पणपु, पणि देवइ परदुख ।
दुरजन दहइं मन अप्पणां, देखि परायां सुख ॥९॥

चालि ॥

ब्राह्मणे जाई चूगली कीधी, मूकी मइदा मइ[ली]दीधी ।
साही जाकुं बहुत तुम्ह मानु, कीछू उहांकी करणी जानु ॥१०॥
मानत नाही सूरज गंगा, उर श्रीपरमेसर चंगा ।
नाही दंडवरतकी वात, पापी चूगले घाली घात ॥११॥

दूहा ॥

दुर्ज्जन कर तन वेबही, सनमुख लेत संताप ।
गुरुड बरावरि किउं होवइ, जुरे भलेरा साप ॥१२॥

चालि ॥

**जेसंगजी** साही हजूरि, आवइ वली चढतइ नूरि ।
एक सीह नइ पाषर घाली, किउं डरइ हिरणकी फाली ॥१३॥
सूभट सूणी रणतूर, किउं झाल्या रहइं तिहां सूर ।
दुसमन जे विसिमसि करता, – सा कीदा – फिरता ॥१४॥
ते कीआ जिउं आटा माहे लूंण, तुझ विण समझावत कुंण ।
वाद हुउ साही हजूरि, जिता **श्रीविजयसेनसूरि** ॥१५॥
ब्राह्मणकी करइ लोक हासी, बोल बोल्या किउं न विमासी ।
हुआ ते हाकावीका, पडीआ दुसमन सहु फीका ॥१६॥
एक एककुं इउं समझावइं, अपनु कीउ सहु कोए पावइ ॥१७॥

दुहा ॥

जय जय वाद वरी तिहां, श्रीगुरु मन उल्हासि ।
श्रीसंघ अतिआग्रह थकी, **लाहोरि** करइं चउमासि ॥१८॥
शेषजी श्रीगुरुकुं कहइं, भल सिष्य तु **हीरा** भाण ।
मलेच्छ करें डेकाविली, सो किआ चतुर सुजाण ॥१९॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चालि ॥

गुरु कह्या हमारा कीजइ, उपाध्याय पदवी दीजइ ।
साही अकबर दिउ खताब, मनि जाणी बहुत सबाब ॥२०॥
मुहुरत भलु दिन लीजइ, उपाध्याय पदवी दीजइ ।
महोछु करइ सेष सुजाण, द्रव्य खरचइ बहुत मंडाण ॥२१॥

दुहा ॥

चूआ चंदन छांटणा, श्रीफल उ तंबोल ।
जाचिक अजाची कीया, आणी सेषि उलोल ॥२२॥

चालि ॥

मनि आणी अति उलोल, सेष करइ सबल रंगरोल ।
उपाध्याय पदवी द्यावी, जगमइं जसपडहु वजावी ॥२३॥
अकबर सहगुरुकुं बकसइ, ते सुणतां हीयडुं विकसयइ ।
नगरथठउ सिंध कच्छ, पांणी बहुला जिहां मच्छ ॥२४॥
जिहां हुता बहुत सिहार, ध्यन ध्यन सहगुरु उपगार ।
च्यार मास को जाल न घालइ, वसेषिइं वली वरसालइ ॥२५॥
गाय मरती मनय सहु कीधी, दिन बार अमारि वर दीधी ॥२६॥

दुहा ॥

जइ गुरु सांचा निसप्रही, तु मागइं अभयदांन ।
साही पासि करावीया, एह अडीग्ग फूरमान ॥२७॥

चालि ॥

इय बोलइ साही सुजाण, – गुरु – प्रमाण ।
**जेसंग** अकबर साही, दुजेउं अविचल पतिसाही ॥२८॥
जिहां मेर जलही सूरचंद, तिहां प्रतिपु एह मुणिंद ।
साधु साधवी श्रावक श्रावी, उदयवंत सुगुरु पद पावी ॥२९॥
करतव्य जे अकबरि कीधां, सहु जाणे लोकप्रसिद्धां ।
**जगतगुरु** दीधुं नाम, छ मास अमारि फूरमान ॥३०॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सेतुंजादिक तीर्थ जेह, वकसइ सहगुरुकुं तेह ।
जीजीउ दंड दोर जगाति, अकबरसाही कइ नहीं वात ॥३१॥

जोर जूलम न कीजइ जाकइ, हुउ ए अधिक इसा कइ ॥३२॥

भोगीजन करु बहु भोग, आतम साधउ जोग ।
देस नगर पुर गाम, सुखी जिहां जिहां अकबर नाम ॥३३॥

तेह सहगुरुनउ उपदेस, समुअरइसुं सदा वंछेसि ।
चउथउ आरु परतख्य दीसइ, पूजीजइ जिन चउवीसइ ॥३४॥

उछव होवइ नित झाझा, जिनसासनि बहुत दिवाजा ॥३५॥

**श्रीविजयसेनसूरिंद,** चीर प्रतिपउ महामुणिंद ।
जस गुणकु न लहुं पार, सोहम जंबू अवतार ॥३६॥

सकलपंडित सिरताज, **कल्याणकुशल** गुरुराज ।
न्यानी गुणवंत मुनीश, **श्रीमेहमुनींद**कु सीस ॥३७॥

दूहा ॥

**साह लटकण** सुत गुणनिलु, **लीलादे** जसमाय ।
**कल्याणकुशल** गुरु भेटतां, दारीद दुरि जाय ॥३८॥

चालि ॥

अहनिसि जपतां गुरु नाम, सीझइ मनवंछित काम ।
कहइ **दयाकुशल** तस सीस, सुप्रसन सहगुरु निसदीस ॥३९॥

इति श्री लाभोदयरास समाप्तं ॥
ग्रंथाग्रं २५१ ॥

—x—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## कठिन शब्द कोश

| कडी क्र. | | |
|---|---|---|
| १२ | दुनी | दुनिया |
| १९ | चाड चबोड | चाडी चपाटी करनारा |
| २६ | डवोलइ | डोळवुं (?) – विचारवुं |
| ३३ | बाल उचावइं | वाळ खेंचावे – (केशलोच क्रिया) |
| | विलाति | विलायत-विदेश |
| | रोजा | उपवास |
| ३४ | समतिणमणि | तृण-मणिमां समदृष्टिवाळा |
| ३५ | टाणुटुंणु | कामण दुमणना अर्थमां |
| | सबाब | स्वभाव (वस्तुस्थिति)(?); मालसामान |
| ३७ | मनय | मनाई |
| ४१ | उंदाका | उनहाका – उनका (?) |
| ४२ | दोही | द्विधा |
| ९७ | ईरजासुमति | ईर्यासमिति (जैन परिभाषानो शब्द) |
| १०० | दूक-रोस | दुःख-रोष |
| १०५ | सीख | रजा |
| | नुबति नींकी | सरस नोबतो |
| १०६ | उपसरइ | उपाश्रये |
| ११० | मइदा | मर्यादा (?) |
| १११ | दंडवरत | दंडवत् (?) |
| ११९ | डेकाविली | – |
| १२१ | महोछु | महोच्छव |
| १२२ | उलोल | उल्लास |

★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org